## પાલનપુર સિવિલના અગત્યના રેકર્ડ સ્ટોર રૂમની રાહ જોઈ રહ્યા છે

### જીલ્લાની સૌથી મોટી સિવિલના રેકર્ડ પોટલા બનીને રઝળી રહ્યા છે

બનાસકાંઠા જીલ્લાની સૌથી મોટી સિવિલ અનેક વિવાદોમાં ઘેરાયેલી રહે છે. જાણી બુઝીને વિવાદોમાં રહે છે. તે સમજાતું નથી. રોજેરોજ અનેક સમસ્યાઓને અખબાર દ્વારા ઉજાગર કરાય છે. છતાં તંત્ર દ્વારા કે સિવિલના સત્તાધીશો દ્વારા ત્વરીત કોઇ જ પગલાં ભરાતા નથી. શહેરના મધ્યમાં આવેલી સિવિલ, વિશાળ જગ્યામાં બનેલી છે. અનેક ખંડો, સ્ટોર રૂમો, વોર્ડો, નિવાસસ્થાનો હોવા છતાં પણ સિવિલ સર્જનના ચેમ્બર્સના ઉપરના ભાગે આવેલ વહીવટી શાખા આગળ જ જૂના અગત્યના રેકર્ડને પોટલામાં બાંધીને રઝળતા મુકી રાખ્યા છે. કેટલાક સમયથી આ પોટલા સિવિલનાં આવતા જતા દર્દીઓ, તબીબો, નર્સો તેમજ સર્જન ને દેખાય તેવી રીતે પડ્યા હોવા છતાં પણ નજર અંદાજ કરાવાય છે. રેકર્ડ - સ્ટોર રૂમની રાહ દેખી રહ્યાં છે. વહીવટ વિભાગ હોવાના કારણે અનેક જણની આવજા વહિવટ વિભાગમાંથી થતી હોય છે. ગમે ત્યારે આ રેકર્ડ નો કોઇ દુરુપયોગ કરે તે પહેલાં તેને સ્ટોર રૂમમાં રખાય તેવી જાગૃતોની માંગ ઉઠવા પામી છે.

# ખેડબ્રહ્માથી હીંગટીયાની બંધ વીજ લાઈનનાં વાયર ચોરાયા


## યુજીવીસીએલના ડે. એન્જિનીયરને પોલીસ ફરિયાદ કરવાનો સમય નથી

ખેડબ્રહ્મા, તા. ૨

ખેડબ્રહ્માથી હીંગટીયા જતી યુજીવીસીએલની બંધ લાઈનનાં વીજ વાયરની ચોરી થતાં તાલુકામાં ચકચાર મચી જવા પામી છે. આ ચોરાયેલ વીજ વાયરથી અંદાજે રૂ. ત્રીસ હજારની કિંમતનું યુજીવીસીએલને નુકશાન થવા પામ્યું છે પણ ચોરીની ફરિયાદ ન થતાં લોકોમાં તર્ક વિતર્કની ચર્ચાએ જોર પકડયું છે.

ખેડબ્રહ્મા યુજીવીસીએલના તાબાની હીંગટીયા ડીપીની ત્રણ વાયર ધરાવતી વીજલાઈન કેટલાક સમયથી બંધ હાલતમાં હતી. ખેડબ્રહ્મા નજીક આવેલી સાંઈનાથ હોટલથી નવી મેત્રાલ ગામ પાસે આવેલી જીવદયા પાંજરાપોળ સંસ્થા સુધીનાં પચાસ ગાળાનાં વીજ વાયર કોઈ ચોરી કરી ગયાનું બહાર આવા પામ્યું છે. સ્ટેટ હાઈવે નંબર નવની બિલકુલ નજીકથી પસાર થતી અને ચોવીસે કલાક વાહન વ્યવહાર અને લોકોથી ધમધમતા હાઈવે બાજુમાંથી યુજીવીસીએલની બંધ વીજ લાઈનના ૫૦ ગાળાના ત્રણ વાયરની લાઈનનાં વાયર કોઈ ચોરી કરી જાય તે તો અચરજ પમાડે તેવો બનાવ છે. બે થાંભલા વચ્ચેનું ૫૦ મીટરનું અંતર હોય છે. જેથી પચાસ ગાળાના ૨૫૦ મીટર અંતર થાય છે. જેમાં ત્રણ વાયરની લંબાઈ ગણીએ તો ૭૫૦ મીટર વાયરની ચોરી થઈ હોય તેવો અંદાજ મુકી શકાય. આ ચોરાયેલ વીજ વાયરની અંદાજે કિંમત રૂ. ૩૦,૦૦૦ ગણી શકાય. આ ચોરીથી યુજીવીસીએલને થયેલ રૂ. ૩૦,૦૦૦ના નુકસાન અંગે ફરિયાદ ન થતાં ખેડબ્રહ્મા ડી.ઈ.ની ભૂમિકા અંગે કર્મચારીઓમાં અને લોકોમાં અનેક તર્ક વિતર્કની ચર્ચાએ જોર પકડયું છે.

આ અંગે ખેડબ્રહ્મા યુજીવીસીએલના ડી.ઈ. બી.એન. કરોવાનો રૂબરૂ સંપર્ક કરતા તેમણે વીજ વાયરની ચોરીને સમર્થન આપ્યું હતું અને પોલિસ ફરિયાદ કર્યાનું જણાવ્યું હતું. પોલિસ ફરિયાદની નકલ માગતા આવી નકલ આપવાની અમારી સત્તા નથી જેથી યુજીવીસીએલના ઉપરી અધિકારીનો સંપર્ક નબંર માગતા ડી.ઈ. ઉશ્કેરાઈ ગયા હતા અને તમારે જે લખવું હોય તે લખજો તમને માહિતી નહી મળે. આ ફરિયાદની નકલ માગણીથી ડી.ઈ.ની કોઈ દુઃખતી રગ ઉપર હાથ મુકાઈ ગયો હોય તેવું સ્પષ્ટ જણાઈ આવે છે. સરકારી મિલકતની ચોરી થઈ હોવા છતાં પોલિસ ફરિયાદ કેમ થઈ નથી તે અંગે કર્મચારીઓ અને લોકોમાં તર્કવિતર્ક થઈ રહ્યા છે.


(તસવીર : રમેશ વૈષ્ણવ)

આ અંગે ઈડરના કાર્યપાલક ઈજનેર એલ.એફ. ડાભીનો ટેલિફોનીક સંપર્ક કરતા તેમણે પણ વીજ વાયરની ચોરીને સમર્થન આપ્યું હતું અને ચોરી અંગે પોલિસ ફરિયાદ કરવા ખેડબ્રહ્મા ડી.ઈ.ને સૂચના આપવામાં આવી છે તેમ જણાવ્યું હતું.


રસાણા નજીક વહેલી સવારે થયેલા ગમખ્વાર અકસ્માતમાં શાકભાજીની ટ્રક કેનાલમાં પલ્ટીખાતા તેમાં સવાર ચાલક અને ક્લીનરનું કરૂણતાએ મોત થયું હતું.

# રસાણા નજીક નહેરમાં ટ્રક ખાબક્તા બેના કરૂણ મોત

ડીસા, તા. ૨

આજે વહેલી સવારે રસાણાગામ નજીકથી પસાર થતી અને દાંતીવાડા ડેમની મુખ્ય કેનાલ ગણાતી નહેરમાં અકસ્માતે શાકભાજી ભરેલી એક ટ્રક પલટી ખાઈ ગઈ હતી. આ ટ્રકમાં ચાલક અને ક્લીનર સવાર હતાં. જેઓ અકસ્માતમાં મોતને ભેટ્યા હતાં. આ મામલે ડીસા તાલુકા પોલીસે ગુનો દાખલ કરી ધોરણસર તપાસ હાથ ધરેલ છે.

આ ધટનાની મળતી વિગતો જોતા નડીયાદથી અમૃતસર શાકભાજી લઈ જતી ટ્રક નં. પી.બી.ઓ. ૩ એએ. ૭૪૮૫ પાલનપુરથી વાયા ડીસા થઈ પસાર થઈ રહી હતી. જેમાં અંદાજીત ૩ વાગ્યા આસપાસ આ ટ્રક ડીસા તાલુકાના રસાણાગામ નજીક કેનાલ પાસેથી પસાર થઈ રહી હતી. તેવાજ સમયે કોઈ અગમ્ય કારણોસર ટ્રકના ચાલકે સ્ટીયરીંગ પરથી કાબુ ગુમાવતા આ ટ્રક નહેરની રેલીંગ સાથે ધડાકાભેર અથડાઈ ૨૦ ફુટ ઉંડી અને તેટલીજ પહોળી નહેરમાં ખાબકી હતી. આ નહેર બંન્ને કાંઠે વહેતી હોઈ ટ્રક પાણીમાં ડુબી ગઈ હતી.

અકસ્માત થતાંજ ટ્રકમાં સવાર બે વ્યક્તિ પૈકીના એકનું રોડ પરજ જ્યારે બીજાનું ટ્રકની કેબીનમાં નહેરના પાણીથી ડુબી જવાથી મોતને ભેંટયા હતાં. અકસ્માત સર્જાતાજ ટામેટા,રીંગણ સહીતની શાકભાજી હાઈવે રોડપર દુર સુધી ફેલાઈ હતી. આ અકસ્માતની જાણ થતાં ડીસા તાલુકા પી.એસ.આઈ. બી.કે. પરમાર સ્ટાફ સાથે ઘટના સ્થળે દોડી આવ્યા હતાં. જેઓએ ટ્રકની કેબીનમાં ફસાયેલ વ્યક્તિની લાશને દાંતીવાડા ડેમ સત્તા મંડળની મદદે નહેરનું પાણી બંધ કરાવી ક્રેઈન વડે ભારે જહેમતે બહાર કાઠી હતી. પોલીસની પ્રાથમીક તપાસમાં આ બન્ને મૃતકો મલકીતસીંહ બુટાસીંહ ઉર્ફે પપ્પુ ઉ.વર્ષ ૪૨ તથા ભજ્જીસીંહ તારસીંહ ઉ.વ"ાં. ૩૦ રહે. દેવુણ, તા. જીલ્લો. ભટીંન્ડા (પંજાબ) વાળાઓ હોવાનું બહાર આવ્યું હતું. ડીસા તાલુકા પોલીસે બંન્ને મૃતકોની લાશનો ડીસાની સરકારી હોસ્પીટલમાં પી.એમ. કરાવ્યું હતું. આ મામલે પોલીસે રાજેશ ચમનાજી ગેલોતની ફરીયાદ લઈ આ મામલે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

## પાલનપુર રેલ્વે પોલીસ મથક આગળ ગંદકીના ઢગ ખડકાયા

પાલનપુર, તા. ૨

પાલનપુર શહેરના રેલ્વે સ્ટેશન રોડ ઉપર આવેલા, રેલ્વે પોલીસ મથક આગળ જ સેનીટેસનની ઢીલી નીતિનાં કારણે ગંદકીના ઢગ ખડકાયા છે. ઉપરોક્ત વિસ્તાર દુર્ગન્ધ મય બની જવા પામ્યો છે. નજરે પડે છે, જયારે આ ગંદકીના કારણે પોલીસમથકમાં ફરજ બજાવતા અને ટ્રેનમાં મુસાફરી કરી પરત ફરતાં પેસેન્જરો રાહદારીઓ તોબા પોકારી ગયા છે. નગરપાલિકા પ્રમુખ હર્ષાબેન મહેશ્વરી શહેરની રેલ્વે સ્ટેશન રોડ પરની ગંદકી.

## ખેડબ્રહ્માના બેડી ગામેથી ટ્રાન્સફોર્મર ચોરાયું

હિંમતનગર, તા. ૨

ખેડબ્રહ્મા તાલુકાના બેડી ગામેથી ઉત્તર ગુજરાત વીજ કંપની લી. નું ટ્રાન્સફોર્મર કોઇ ચોર ઈસમો ચોરી કરી લઈ ગયાની ફરિયાદ પોશીના પોલીસ મથકે નોંધાઈ છે.

બેડી ગામના લાડુભાઈ દેવાભાઈએ નવીન વીજ જોડાણ માટે અરજી કરતાં ઉત્તર ગુજરાત વીજ કંપની દ્વારા ડી.પી. સ્ટ્રકચર ઊભું કરીને ટ્રાન્સફોર્મર ગોઠવવામાં આવ્યું હતું. આ ટ્રાન્સફોર્મર તા. ૧૩-૯-૨૦૧૨ થી ૧૪-૧૨-૧૨ ના સમય દરમિયાન કોઈ ચોર ઈસમો ચોરી કરી લઈ ગયાની ફરિયાદ પ્રવિણકુમાર વિરજીભાઈ પરમારે પોશીના પોલીસ મથકે નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ પીએસઆઈ એસ. એન. રોહિત ચલાવી રહ્યાં છે.

# સાબરકાંઠા જિલ્લાની મુલાકાતે રેપીડ એકશન ફોર્સ

હિંમતનગર, તા. ૨

દર વર્ષની જેમ આ વર્ષે ગાંધીનગરથી રેપીડ એકશન ફોર્સ ૧૦૦ બટાલિયન સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંતમનગર શહેરમાં બુધવારના રોજ આવી પહોંચી હતી. રેપીડ એકશન ફોર્સના ડેપ્યુટી કમાન્ડર ગૌતમકુમાર, પીઆઈ-રાજપાલસિંહ, પીએસઆઈ સુરેન્દ્રસીંગ, પીએસઆઈ આર.ડી. બર્મન, હેડ કોન્સ્ટેબલ અને કોન્સ્ટેબલ સહિતની ૫૦ની બટાલિયન બુધવારના રોજ હિંમતનગર શહેરમાં સંવેદનશીલ સહિતના વિસ્તારમાં ફર્યા હતા અને શહેરના વિવિધ વિસ્તારો વિષે માહિતગાર થયા હતા. આ ફોર્સ સાથે હોમગાર્ડના પીએસઆઈ વી એમ જારીયા અને એએસઆઈ-એલ એન પંડયા પણ જોડાયા હતા. જિલ્લામાં આ ફોર્સ ૨ જાન્યુઆરીથી ૭ જાન્યુઆરી સુધી સાત દિવસ રહેનાર છે અને જિલ્લાના હિંમતનગર, ઈડર, જાદર, વડાલી, ખેડબ્રહ્મા પોશીના, વિજયનગર, ભિલોડા, શામળાજી, મોડાસા, માલપુર, મેઘરજ, બાયડ, ધનસુરા, તલોદ અને પ્રાંતિજ સહિતના ૨૩ થી વધુ પોલિસ મથક વિસ્તારમાં ફરશે અને જાત માહિતી મેળવશે ત્યાર બાદ ૮મી જાન્યુઆરીના રોજ આ ફોર્સ દ્વારા જિલ્લા મથક હિંમતનગર ખાતે આવેલ પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે રેસ્કયુનું ડેમોસ્ટ્રેશન અને પોતાની કામગીરીથી માહિતગાર કરશે ત્યાર બાદ પરત ગાંધીનગર ફરશે તેવું જાણવા મળ્યું હતું.

# દિગંબર જૈન મુનિમહારાજ પર થયેલા હુમલા સંદર્ભે તલોદમાં દિગંબર જૈન બંધુઓએ રેલી યોજી આવેદનપત્ર આપ્યું

તલોદ, તા. ૨

જૂનાગઢમાં આવેલ ગિરનાર પર્વત પર ઉદયપુરથી આવેલા દિગંબર જૈન મુનિ ઉપર તિક્ષ્ણ હથિયાર વડે હુમલો થતાં ભારે ચકચાર જાગી છે. આ બનાવની જાણવા મળતી વિગત એવી હોવાનું કહેવાય છે કે, ઉદયપુરથી ચાર્તુમાસ અર્થે જૂનાગઢમાં આવેલા દિગંબર જૈન મુનિ મહારાજ શ્રી પ્રબળસાગરજી ગિરનાર પર્વત ઉપર દર્શન કરીને પાછા ફરી રહ્યા હતા ત્યારે અજાણ્યા શખ્સોએ તેમના પર તિક્ષ્ણ હથિયાર વડે હુમલો કરતાં તેઓ ગંભીર રીતે ઘવાયા હતા. આ બનાવની જાણ ગિરનારના જૈન સંપ્રદાયને થતાં અનુઆયીઓમાં થતાં તાકીદે તેઓને ઈજાગ્રસ્ત હાલતમાં ગીરનાર પર્વરત પરથી નીચે લાવવામાં આવ્યા હતા. તેમને સારવાર અર્થે ગિરનારની જૂનાગઢની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. રાત્રીના લગભગ ૧૨ વાગ્યાની આસપાસ આ બનાવ અંગે પોલીસને પ્રાથમિક જાણકારી આપવામાં આવતાં પોલીસે પણ જૈન મુનિશ્રી પર થયેલા હુમલામાં સંડોવાયેલા શખ્સોને શોધવા માટે ઝડપી કાર્યવાહી હાથ ધરી હતી.જૈન સમસ્ત સમાજમાં ઉગ્ર રોષની લાગણી છવાઈ છે. જાણવા મળ્યા મુજબ જૂનાગઢ ગીરનાર પર્વત પર દિગંબર જૈન મુનિ મહારાજ ઉપર હૂમલો કરવાના બનાવમાં પોલીસે કમંડળ કુંડની જગ્યાના મહંત મુક્તાનંદ સ્વામીની મોડીરાત્રે ધરપકડ કરી હોવાનું જૂનાગઢ જિલ્લા પોલીસ સૂત્રોએ જણાવ્યું છે. આ હૂમલો જમીનના પ્રકરણમાં બન્યો હોવાની શંકા પોલીસે વ્યક્ત કરી છે. તેમ જાણવા મળ્યું છે.

તલોદના સમસ્ત જૈન સમાજની લાગણી દુભાતાં બપોરના ૨ વાગ્યે દિગંબર જૈન સમાજના ભાઈ-બહેનોએ એકઠા મળી દિગંબર જૈન મંદિરથી રેલી કાઢી હતી. બજારમાં થઈ આ રેલી તલોદ મામલતદારની ઓફિસે પહોંચી હતી, ત્યાં મામલતદારને આવેદન પત્ર સમાજના આગેવાનોએ સુપરત કરતાં મામલતદાર મમતાબહેને પ્રજાપતિએ સૌને જણાવ્યું કે તમારી લાગણીભર્યુ આવેદનપત્ર હું સાબરકાંઠા જિલ્લાના કલેક્ટરશ્રીને મોકલી આપીશ. આ શાંત રેલીમાં જૈનો મોટા બેનરો સાથે જોવા મળ્યા હતા. સમાજના યુવાન આગેવાન પરેશભાઈ દલાલ, ગુણવંતભાઈ શાહ, જયંતિલાલ ગાંધી, બાબુલાલ સકરચંદ શાહ, હરમિતભાઈ ગાંધી, પુનમબેન ગાંધી, સમાજના આગળ પડતા આગેવાન પ્રવિણભાઈ શાહ, ચેતન શાહ, કમલેશભાઈ શાહ, અરૂણાબેન, સુધાબેન, કલ્પનાબેન, નીતાબેન વિગેરેએ રેલીમાં હાજર રહી રેલીમાં જોડાઈ આવેદનપત્ર સુપરત કરી અત્યાચારોને કડકડમાં કડક સજા કરવા જણાવ્યું હતું.



## ડીસામાં જૈન સાધુઓ મોત મામલે રેલી

ભરૂચના અસુરિયા ગામ નજીક હાઈ-વે પર ગઈકાલ સવારે અજાણ્યા વાહનની અડફેટે બે જૈન સાધુઓના કરૂણ મોત થતા ડીસામાં પણ તેના ઘેરા પ્રત્યાઘાતો પડ્યા હતાં અને આ અકસ્માત મામલાની તટસ્થતાએ તપાસ કરવાની માંગ સાથે આજે ડીસામાં જૈન સમાજના આગેવાનો તથા ભાઈઓ તથા બહેનોએ સદરબજાર વિસ્તારમાંથી એસ.ડી.એમ. કચેરી ડીસા સુધી એક મૌન રેલી કાઠી હતી. અને અકસ્માતમાં જ્ઞાન શેખર વિજયજી મ.સા. અને હસ્તગીરી વિજયજી મ.સા.ના કરૂણ મોત મામલે ઘેરા દુઃખની લાગણી વ્યક્ત કરી આ સમગ્ર મામલાની ન્યાયીક તપાસ કરવા એસ.ડી.એમ. બી.કે. પટેલને એક આવેદન પત્ર આપ્યું હતું. (તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

## ધનસુરાની ગિરીરાજ કવોરીમાં કામ કરતા શ્રમિકનું વીજ કરંટ લાગતા મોત

ધનસુરા, તા. ૨

ધનસુરા તાલુકાના જશવંતપુરા ગામની સીમમાં આવેલી ગિરીરાજ કવોરીમાં કામ કરતા એક શ્રમિકનું ગત ૩૦મી તારીખે વીજ કરંટ લાગતા કરૂણ મોત નિપજયું હતું. જેથી સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી જવા પામી હતી અને શોક મગ્ન વાતાવરણ સર્જાયું હતું.

આ અંગે ધનસુરા પોલિસ સુત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર ધનસુરા તાલુકાના જશવંતપુરા ગામની સીમમાં આવેલી ગીરીરાજ કવોરીમાં જશવંતપુરા ગામનો જ રહીશ દિનેશભાઈ માધુભાઈ ખાંટ (ઉ.વ.૨૨) મોડી રાત્રિ દરમિયાન કવોરીમાં મશીન નજીક કામ કરી રહ્યા હતા ત્યારે વીજ કરંટ લાગતા યુવાનને નજીકની વાત્રક હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયા હતા જયાં તેમનું સારવાર દરમિયાન મોત નિપજયું હતું. આ ઘટના સંદર્ભે હોસ્પિટલના સ્ટાફ તરફથી ધનસુરા પોલીસ મથકે જાણ કરતા પોલીસે અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ યુવકના મૃત્યુને લઈ હાલ અનેક પ્રશ્નો ઉભા થવા પામ્યા છે અને કવોરી માલિક સામે પણ શંકાની સોઈ તકાઈ છે.

# અડપોદરા ગામે પરિણિતાને સાસરીયા એ ઝેરી દવા પીવડાવી મારી નાખવાની કોશિષ કરતાં સાસરીયા વિરૂધ્ધ ફરિયાદ

હિંમતનગર, તા. ૨

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના આડપોદલા ગામની પરણીતાને સોમવારના રોજ ઘરે સાસરીયા એ ઝગડા કરી શારીરિક માનસિક ત્રાસ આપી વહુ નો કાટો કાઢી નાખવા પતિ સહીતના સાસરીયાઓ વહુને ઝેરી દવા પીવડાવી મારી નાખવાની કોશિષ કરતા સાસરીયાઓ વિરૂધ્ધ ગાંભોઈ પોલીસ મથકે પરણીતા એ ફરિયાદ નોંધાવી હતી.

આ અંગેની વિગત આપતા ગાંભોઈ પોલીસ મથકના પીએસઆઈ, જે.આર. ઝાલાએ જણાવેલ કે હિંમતનગરના કાબોદરા ગામની પ્રિયંકાના લગ્ન ૯ મહિના પહેલા અડપોદરા ગામે મહેશ સાથે થયા હતા. પરંતુ પ્રિયંકા ઘરમાં છેલ્લા ૯ મહિનાથી પતિ સહિતના સાસરીયાઓ કામ બાબતે વારંવાર ઝઘડા કરતા અને શારીરિક માનસિક ત્રાસ આપતા હતા. દરમિયાન ૩૧મી ડિસેમ્બરની સાંજે સાસરીયાઓ દ્વારા પ્રિયંકા સાથે ઝઘડો કર્યો હતો, જેથી પ્રિયંકા એ તેના માતા-પિતાને કાબોદરા ફોનથી જાણ કરી હતી ત્યાર બાદ મોડી સાંજના ૭ વાગે ના સમયે પતિ મહેશ અને સાસુ, સસરા અને જેઠાણી એ બધાય ભેગા મળી પ્રિયંકાને પકડી રાખીને ઝેરી દવા પીવડાવી ગડદા પાંટુનો માર માર્યો હતો અને મારી નાખવાની કોશિષ કરી હતી ત્યારે પ્રિયંકાના માતા પિતા સાસરી અડપોદરા આવી પહોંચ્યા હતા અને બેભાન અવસ્થઆમાં પોતાની દીકરી પ્રિયંકાને જોઈ હેતબાઈ ગયા હતા અને તાત્કાલિક હિંમતનગરની આવિષ્કાર હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરી હતી. જયાં મંગળવારના રોજ સવારે પ્રિયંકા ભાનમાં આવતા તેને આ અંગે ગાંભોઈ પોલીસને ફરિયાદ નોંધાવી હતી, જેથી પોલીસે પતિ મહેશભાઈ પ્રવીણભાઈ પટેલ, સસરા - પ્રવીણભાઈ પટેલ, જેઠાણી જૈમીનીબહેન પટેલ અને સાસુ વિરૂધ્ધ ગુનો નોંધી તેમની ધરપકડ કરવાની તજવીજ હાથ ધરી હતી.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અધતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

ગાંધીનગર શહેરની મધ્યમાં અધતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
એપોલો એકસીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર
મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧